SIMULATIONS
Public Affairs Management Services

D-309, Shivalik Corporate Park, B/h IOC Petrol Pump, Between Shyamal – Shivranjani Cross Rd, On 132 Ft Ring Road, Satellite, Ahmedabad – 380015
Ph : 079- 65214200 Fax : 079-40065014
Email : simulationsindia@gmail.com

**Kesari**
**Edition:** Junagadh | **Date:** June 10, 2011 | **Page No.:** 07 | **Category:** Sterling Hospital

## Sterling Hospital, now amongst the select few national centers to carry out LDLT

Doctors' Team successfully performs the first living donor liver transplantation at Sterling Hospital

# સ્ટર્લિંગ હોસ્પિટલ હવે એલડીએલટીનું ઓપરેશન કરતા દેશનાં જૂજ કેન્દ્રોમાનું એક

## સ્ટર્લિંગ હોસ્પિટલની ડોકટર્સ ટીમ દ્વારા જીવિત દાતાનાં લીવરની મદદથી સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ હાથ ધરવામાં આવ્યું

સતત ૧૪ કલાકની ભારે જહેમત પછી, ગુજરાતની કોર્પોરેટ હોસ્પિટલમાં અગ્રેસર એવી સ્ટર્લિંગ હોસ્પિટલ અમદાવાદની ડોકર્ટસ ટીમ દ્વારા તાજેતરમાં એક જીવિત વ્યક્તિનાં લીવરની મદદથી લીવર સીરોસીસથી પિડાતા વ્યક્તિમાં સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું. આણંદના પર વર્ષની ઉંમરના જનરલ પ્રેક્ટીશનર ડો.કનુભાઈ ગોહિલ અને તેમનાં સબંધી શ્રી પરમાર ઉપર આ ઓપરેશન ડો.એ.એસ.સોઈન, ડો.હિતેષ ચાવડા, ડો.રવિ મોહન્કા અને તેમની ટીમ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. ગુરગાંવના મેડીસીટી ઈન્સ્ટીટ્યુટ ઓફ લીવર ટ્રાન્સપ્લાન્ટેશન એન્ડ રિજનરેટીવ મેડીસીનનાં ચીફ ઓફ લીવર ટ્રાન્સપ્લાન્ટ એન્ડ હીપેટોબીલીઅરી સર્જન ડો.એ.એસ.સોઈન અને તેમની ટીમ ભારતમાં લીવર ટ્રાન્સપ્લાન્ટેશનનો સૌથી વધુ અનુભવ ધરાવે છે.

આ કેસ અંગેની વિગત આપતા સ્ટર્લિંગ હોસ્પિટલ અમદાવાદનાં કન્સલ્ટન્ટ હીપેટોબીલીઅરી સર્જન તથા લીવર ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામનાં ડીવીઝન ચીફ ડો.હિતેષ ચાવડાએ જણાવ્યું હતું કે ગયા મહિને ડો.કનુભાઈએ પેટની તકલીફ, અશક્તિ અને કમળાની ફરિયાદ સાથે હોસ્પિટલનો સંપર્ક કર્યો હતો. તબીબી તપાસમાં જણાયું હતું કે તેમને ૨૦ વર્ષ અગાઉ કોઈ રક્તદાતા તરફથી તેમને હીપેટાઈસીસસીનો ચેપ લાગ્યો હતો અને તેને કારણે લીવર સિરોસીસ થયું હતું. તેઓ ટર્મિનલ લીવર ફેઈલ્યોરનાં છેલ્લા તબક્કાનો ભોગ બન્યા હતા અને લીવર ટ્રાન્સપ્લાન્ટેશન કર્યા વગર થોડાક સપ્તાહથી વધુ જીવી શકે તેમ ન હતા. આથી અમે તેમને મૃત વ્યક્તિનું લીવર ટ્રાન્સપ્લાન્ટ નહિં કરવા માટે સલાહ આપી હતી, કારણે આવા કિસ્સાઓમાં દર્દીનાં બ્લક ગ્રુપ અને પ્રતિક્ષા યાદીનાં નંબરને આધારે લીવર મેળવવા માટે ૧ થી ૧૨ મહિના રાહ જોવી પડે છે. આથી અમારી સમક્ષ તેમની ઉપર એલડીએલટી (લીવીંગ ડોનર લીવર ટ્રાન્સપ્લાન્ટેશન) કરવાનો એક માત્ર વિકલ્પ હતો. તેમનાં સાળા પૂનમ પરમાર, ડો.ગોહિલની મદદે આવ્યા. તેમનું બ્લડ ગ્રુપ મેચ થતું હોવાથી તેમણે તેમનાં લીવરનો એક હિસ્સો દાનમાં આપવાની ઈચ્છા દર્શાવી. તા.૨૦ મેનાં રોજ સ્ટર્લિંગ હોસ્પિટલ ખાતે પાસ પાસેનાં ઓપરેશન થિયેટર્સમાં આ ઓપરેશન કરવામાં આવ્યું અને દાતા તેમજ દર્દીને હોસ્પિટલમાંથી અનુક્રમે ૭ માં અને ૧૨ માં દિવસે તંદુરસ્ત અને સ્થિર હાલતમાં રજા આપવામાં આવી હતી.

એલડીએલટીની અનિવાર્યતા અંગે ચર્ચા કરતા ડો.ચાવડાએ જણાવ્યું હતું કે ઉપયોગમાં લેવાતા સ્રોતોને ધ્યાનમાં રાખતા એલડીએલટી એક ઘણી મોટી કહી શકાય તેવી શસ્ત્રક્રિયા છે. લીવર દાતા અને સ્વીકારનાર દર્દી માટે ઓછામાં ઓછા ૩૦ સ્પેશ્યાલીસ્ટ ડોક્ટર્સની ઓપરેશન પહેલા, દરમિયાન અને પછી જરૂર પડે છે. આ શસ્ત્રીક્રિયામાં દર્દીનાં સંબંધી (ડોનર)નાં લીવરનો એક ભાગ દુર કરીને લીવરની બિમારી ધરાવતા દર્દીમાં બેસાડવામાં આવ્યો છે. ઓપરેશન દરમિયાન ત્રણ સર્જન ડોનરનાં અને ત્રણ સર્જન લીવર સ્વીકારનાર દર્દીની શસ્ત્રક્રિયા માટે જરૂરી બને છે. આ બંને માટે એક એક એનેસ્થેટીસ્ટની જરૂર પડે છે. આ ઉપરાંત રિલીફ સર્જનને પણ હાજર રાખવામાં આવે છે. સમગ્ર ઓપરેશન દરમિયાન રેડીયોલોજીસ્ટને પણ થિયેટરમાં હાજર રાખવામાં આવે છે, જેથી અલ્ટ્રાસાઉન્ડ સ્કેન કરીને જાણી શકાય કે ડોનરનું લીવર સ્વીકારનારનાં શરીરમાં યોગ્ય રીગે ગોઠવાઈ ગયું છે અને લોહીનો પ્રવાહ યોગ્ય રીતે પ્રસ્થાપિત થયો છે. લીવર સ્વીકારનાર દર્દીને લીવર ડીસીઝ હોવાથી લોહીની રૂઝ આવવાની ક્ષમતા પર અસર પડતી હોવાથી લીવર (બ્લડ સ્પેશ્યાલીસ્ટ)નેં પણ હાજર રાખવામાં આવે છે. એક નેફ્રોલોજીસ્ટ (કીડની એક્સપર્ટ)ની પણ જરૂર પડે છે, જેથી દાન આપનાર અને સ્વીકારનાર બંનેનાં લીવર યોગ્ય રીતે કામ કરે છે તે જાણી શકાય. આ ઉપરાંત ચેતી રોગોનાં નિષ્ણાંત, હૃદયરોગ નિષ્ણાંત અને ન્યુરોલોજીસ્ટની પણ ટીમમાં જરૂરીયાત રહે છે.

ડો.ચાવડાએ અંતમાં જણાવેલ કે સ્ટર્લિંગ હોસ્પિટલ અમદાવાદમાં ડો.એ.એસ.સોઈન અને તેમની ટીમ સ્થાનિક ટીમને આવુ મોટુ ઓપરેશન કરવામાં સહાયરૂપ બને છે. ડો.ગોહિલને ઓપરેશન કરાયું તે ટીમમાં ડો.એસ.પટવારી, ડો.નિલય મહેતા (હીપેટોલોજીસ્ટસ), ડો.વિસ્મીત જોષીપુરા, ડો.અમિત શાહ, ડો.આશિષ પરીખ અને ડો.સુમાના (સર્જન્સ)ની બનેલી સ્થાનિક ટીમનો સમાવેશ થતો હતો. એનેસ્થેશિયા ટીમનાં સભ્યોમાં મેદાન્તા હોસ્પિટલ, ગુરગાંવના ડો.વિજય વહોરા અને ડો.સંજીવ ઉપાધ્યાય, ડો.રક્ષેશ દેસાઈ અને ડો.ભાવિન પટેલનો સમાવેશ થયો હતો.